## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



યાનના અમુક પૂજી જુની સરકારની વખતે બનેલા હતા.

### સાદરાથી ચંદ્રાલા તરફના જવાના કાચા નાળીયામાં

# ફસાયેલ કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર નજીક આવેલા સાદરા થી ચંદ્રાલા તરફ કાચા નાળીયાના માર્ગે કાર કાદવ કિચડ અને પાણીમાં ફસાઈ જતા કાર ચાલક મુકીને ફરાર થઈ ગયો હતો. આ ફસાયેલી કારમાંથી વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે કાર અને દારુ મળીને કુલ રૂ.૪.૩૧,૨૩૬ ની કિંમતનો મુદામાલ કબ્જે કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલ્યાણપુરા (સાદરા) થી ચંદ્રાલા તરફ જતા કાચા નાળીયામાં પાણીમાં ફસાયેલી એક સફેદ કલરની સ્વીફટ કારમાં દારુનો જથ્થો હોવાની માહિતી પોલીસે મળી હતી. જેને પગલે ચિલોડા પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા કારમાંથી વિદેશી દારુની ૭૬ બોટલ અને ૨૪ બિયરના ટીન મળી આવ્યા હતા.જેને પગલે પોલીસે રૂ.૩૧,૨૩૬ ની કિંમતનો દારુ અને રૂ.૪ લાખની કિંમતની કાર જપ્ત કરી હતી. ચિલોડા પોલીસે જી.જે.૦૫.જે.ડી.-૫૬૨૦ કારના ચાલક સામે ગુનો નોંધી તેને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે પોલીસને બનાવ સ્થળ પરથી બોટલના ટુકડા મળી આવ્યા છે. જેથી બુટલેગરોએ દારુની હેરાફેરી કરીને અહીં જ શાંતિથી પાર્ટી માણી હોવાનું શંકા વ્યકત કરાઈ છે.

## પેથાપુર સાબરમતી નદીના પટમાં જુગાર રમતા ૪ પકડાયા

ગાંધીનગર, તા.૯

પેથાપુર સાબરમતિ નદીના પટમાં જુગાર રમતા ચાર જુગારીઓ ઝડપાયા છે.

પેથાપુર પોલીસે બાતમીને પગલે સંજરી પાર્ક પાસે નદીના પટમાં ઝાડીઓમાં જુગાર રમતા હતા તે દરમિયાન રેઈડ પાડી હતી. જેમાં પેથાપુરના આશિષ જગદીશભાઈ શર્મા (નાઈ વાસ), જીતેન્દ્ર રણછોડભાઈ સોલંકી (સુરેલા), અલ્પેશ જશુજી ઠાકોર (જીઈબી કોલોની) તેમજ સે-૧૪ ના છાપરામાં રહેતા મનિષ ઉર્ફે મનોજ ગીરીશભાઈ પરમાર જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. તેમની પાસેથી પોલીસે રૂ.૩૯૬૦ રોકડા જપ્ત કરીને તમામ વિરુધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨૧ પોલીસ મથકના ૭ કર્મચારીઓ સસ્પેન્ડ

### દારુની મહેફીલનો કેસ કરવામાં ન આવતા એસપી દ્વારા પગલા લેવાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાએ છ પોલીસે કોન્સ્ટેબલને સસ્પેન્ડ કર્યા છે. સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે આવેલા એક ઓટો શો રૂમમાં દારુની મહેફીલ માણતા નબીરાઓને છોડી મુકવાના કેસમાં આ પગલા લેવાયા છે. પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે ચાલતી મહેફીલમાં પોલીસે રંગમાં ભંગ પાડ્યો હતો અને દારુની મહેફીલ માણતા નબીરાઓને છોડી મુકવા માટે મોટો તોડ થયો હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી. આ ચર્ચાઓ એસપીને કાને પડતા કર્મચારીઓની શંકાસ્પદ ભુમિકાને પગલે તાત્કાલીક અસરથી રેઈડમાં ગયેલા ૬ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જેમાં ત્રણ હેડ કોન્સ્ટેબલ રવિન્દ્રકુમાર લક્ષ્મીનારાયણ, ચેતનકુમાર બળવંતભાઈ તથા રવિકુમાર બાબુભાઈ અને પોલીસ કોસ્ટેબલમાં નરેન્દ્રસિંહ ભુપતસિંહ, જગદીશસિંહ ભીખુસિંહ અને લાલુમીયા ઉસ્માનમીયાનો સમાવેશ થાય છે.જિલ્લા પોલીસવડા દ્વારા સમગ્ર કેસની તપાસ ડીવાયએસપીને સોંપાઈ હતી. જેઓ ઘટનામાં પોલીસ કર્મચારીઓની શંકાસ્પદ ભુમીકા અંગે તપાસ કરી રીપોર્ટ તૈયાર કરાશે. સેકટર-૨૧ પોલીસ મથકના ૬ જવાનો સસ્પેન્ડ થતા સમગ્ર જિલ્લા પોલીસ બેડામાં હલચલ મચી જવા પામી છે.





શહેરમાં મહાપર્વ પર્યુષણ પર્વના સમાપન બાદ ઉપવાસ તપના તપસ્વીઓના પારણાં યોજાયાં હતા. રવિવારે આ તપસ્વીઓની અનુમોદનાની શોભાયાત્રાનું શ્રી ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ દ્વારા આયોજન કરાયુ હતુ. જે સે. ૨૨ના જૈન મંદિરેથી નીકળી હતી. આ શોભાયાત્રામાં જૈન શ્રાવકો સહિત ચાર્તુમાસે પધારેલા જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિ મ.સા. સહિત સાધુગણ જોડાયો હતો અને જૈન શ્રાવકોએ આનંદથી શોભાયાત્રામાં રાસે રમ્યાં હતા.

## કંદમૂળ પાકની સમસ્યાઓ હલ કરવા માટે શક્તિમાન અને ગ્રીમીનુ સંયુક્ત સાહસ

ગાંધીનગર, તા. ૯

ભારતની અગ્રણી કૃષિ ઉપકરણ ઉત્પાદક કંપની શક્તિમાન અને વિશ્વમાં બટાકા, સુગર બીટ અને શાકભાજીના ક્ષેત્રે ફાર્મ મશિનરી અને ટેકનોલોજીમાં મોખરાનુ સ્થાન ધરાવતી જર્મનીની ગ્રીમી કંપનીએ ભારતમાં બટાકા અને અન્ય કંદમૂળ પાક માટેનાં મશિનનો વિકસાવવા તથા તેનુ વેચાણ કરવા ૫૦:૫૦ની ભાગીદારી ધરાવતુ સંયુક્ત સાહસ સ્થાપવા માટે હાથ મિલાવ્યા છે. આ સંયુક્ત સાહસને ગ્રીમીની ઉત્કૃષ્ટ જર્મન ટેકનોલોજી અને શક્તિમાનની અદ્યતન ઉત્પાદન ક્ષમતાનો લાભ મળશે અને બટાકા તથા અન્ય કંદમૂળ માટે સંપૂર્ણ સોલ્યુશન ડિઝાઈન કરશે અને વિકસાવશે. આ સંયુક્ત સાહસ બંને ભાગીદારોને ૭૫ હોર્સપાવરથી ઓછી ક્ષમતા ધરાવતી કેટેગરીનાં પોતાની હાલની અને ભવિષ્યની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરવાનુ શક્ય બનાવશે.

ડેમ જર્મની સ્થિત ગ્રીમી ગ્રુપ એ ૧૮૬૧માં સ્થપાયેલો ફેમિલી બિઝનેસ છે. ગ્રીમી ગ્રુપના સભ્યોમાં ગ્રીમી લેન્ડમશીનફેબ્રીક ડેમ જર્મની (પ્લાન્ટ-૧) ખાતે આવેલ છે. રિએશ્ટે જર્મની (પ્લાન્ટ-૨), ઈદાહો, અમેરિકામાં આવેલા નોર્થ અમેરિકન પોટેટો મશિનરી મેન્યુફેકચરર સ્પુડનીક તથા ડેનીશ વેજીટેબલ મશિનરી ઉત્પાદકનો સમાવેશ થાય છે.

બટાકા, બીટ અને વેજીટેબલ ટેકનોલોજી માટે ગ્રીમી ગ્રુપ વિવિધ પ્રકારનાં ૧૫૦થી વધુ પ્રકારનાં મશિનો ઓફર કરે છે. ગ્રીમી ગ્રુપ આ સેગમેન્ટમાં ખૂબ જ વ્યાપક અને વિસ્તૃત પ્રોડકટ રેન્જ ઓફર કરે છે. ગ્રીમીના સીઈઓ ફ્રાન્ઝ-બર્નડ કૃથાપ જણાવે છે કે 'અમારી સંયુક્ત નિપુણતા ધરાવતા આ સંયુક્ત સાહસને વ્યાપક તકોનો લાભ મળશે અને ખેત સમુદાયને ભરોસાપાત્ર અને વિશ્વ સ્તરનાં મશિનોનો લાભ મળશે. અમે ભારત અને અન્યત્ર રૂટ ક્રોપના માર્કેટમાં ક્રાંતિ સર્જનાર એક નવા ભવિષ્ય માટે આશાવાદી છીએ.'

## ઈસનપુર મોટા હાઈસ્કૂલ ખાતે સુજલામ એસ.વી.એસ. ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા સ્થિત શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ ખાતે ગાંધીનગર તાલુકાનુ સુજલામ એસ.વી.એસ.કક્ષાનું ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ભુપેન્દ્રભાઈ પટેલ - ધારાસભ્ય ઘાટલોડિયા અમદાવાદના અધ્યક્ષ સ્થાને યોજાયુ હતુ. આ પ્રદર્શનમાં ગાંધીનગર તાલુકાની પર જેટલી શાળાઓ દ્વારા ૯૬ કૃતિઓ વિવિધ શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં ડાયટના પ્રાધ્યાપક કે.એસ. પરમાર તથા દિનેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઈસનપુર મોટા પ્રગતિ મંડળના હોદ્દેદારોએ બાળ વૈજ્ઞાનિકોને ખૂબજ પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. સમગ્ર શાળા પરિવારે કાર્યક્રમની સફળતા માટે ખૂબજ નિષ્ઠાપૂર્વક જહેમત-પ્રયત્નો કર્યા હતા.

## પાટનગર યોજના રોજમદાર, વર્કચાર્જ કર્મચારીઓનો પગાર સમયસર થતો નથી

### સમયસર પગાર ન થતા લોનની રકમની પેનલ્ટી ચુકવવી પડે છે : અનેક રજુઆતોના અંતે હવે કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે

ગાંધીનગર તા ૯

પાટનગર યોજના વિભાગના રોજમદાર અને વર્કચાર્જ કર્મચારીઓનો સમયસર પગાર ન થતા તેમણે પ્રતિમાસ આર્થિક લેવડ દેવડ માટે પારાવાર હાલાકી વેઠવી પડે છે. કર્મચારીઓ પોતાની નાની લોનના હપ્તા પણ સમયસર ભરી શકતા નથી. જેના લીધે તેમણે બેંકોને પેનલ્ટી ચુકવવાનો વારો આવે છે. ગરીબ રોજમદારો અને વર્કચાર્જ કર્મચારીઓ હવે આ મામલે આંદોલન કરવાના મુડમાં છે.

પાટનગર યોજના વિભાગ હસ્તકના ચાર જુદા જુદા ચાર વિભાગોમાં રોજમદાર અને વર્કચાર્જ કર્મચારીઓ ફરજ બજાવે છે. તેમને પ્રતિમાસ હંગામી કર્મચારીઓની સાથે જ પહેલી તારીખે પગાર ચુકવી દેવામાં આવે તે માટે સરકારનો પણ પરિપત્ર છે.

પરંતુ હજુ સુધી તેમનો પગાર તા ૧૦ થી ૧૫ તારીખ સુધીમાં જ થાય છે. જેના લીધે વર્કચાર્જ કર્મચારીઓને પરેશાનીનો સામનો કરવો પડે છે. પાટનગર યોજના વર્તુળની કચેરી દ્વારા દર માસની ૬ તારીખ બાદ જ એલ સી અને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જયારે આ અંગે રજુઆત કરવામાં આવે તો પણ ઉડાઉ જવાબ આપવામાં આવે છે.કર્મચારીઓનો પગાર નિયત સમયમાં ન થતા બેન્કો મારફતે લોનની રકમની ભરપાઇ સંદર્ભે પેનલ્ટી પણ ચુકવવાની ફરજ પડે છે. પગાર મોડો થવાના લીધે માસિક બજેટના આયોજન પણ ખોરવાઇ જાય છે. વર્કચાર્જ કર્મચારીઓનો સમયસર પગાર ન થાય તો કર્મચારીઓને ગાંધી ચિંધ્યા આંદોલન કરવાની ફરજ પડશે.

## સે-૧૫ સરકારી કોલેજ પાસે બાઈક સ્લીપ થતા બે યુવકો ઈજાગ્રસ્ત

ગાંધીનગર શહેરના માર્ગો પર દિન પ્રતિદિન અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૧૫ વિનયન કોલેજ પાસે આજે બે યુવકો બાઈક લઈને કોલેજની બહાર નીકળતા હતા તે સમયે અચાનક સાઈકલ સવાર વચ્ચે આવી જતા તેને બચાવવા જતા યુવકો બાઈક સ્લીપ ખાઈ ગયા હતા. જેને પગલે બંન્ને યુવકો નીચે પટકાતા શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ત્યાંથી મળતી માહિતી મુજબ વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. જયારે ઈજાગ્રસ્તમાં સગરામભાઈ રૂપાભાઈ અલગોતર (ઉં.વ.૨૨ પ્રાઈવેટ હોસ્ટેલ સે-૨૫) તેમજ માનવ દિનેશભાઈ દેસાઈ (ઉં.વ.૨૦) ગાયત્રીનગર નો સમાવેશ થાય છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં યુનિડો કે જે ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન છે તેની ખાસ ટીમે આજે ગાંધીનગર સિવિલની મુકાલાત કરી હતી અને સિવિલમાં બાયો મેડીકલ વેસ્ટના મશીન તેમજ કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે યુનિડો ડેન્માર્કના પ્રતિનિધી પીડેર બિસબર્ગ તેમજ દિલ્હીના પ્રતિનિધી મોહો ચતુર્વેદી, જીપીસીબી ટીમના અધિકારીઓ સહિત સિવિલ હોસ્પિટલના અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રાજયપાલ પુરસ્કાર એવોર્ડ પરીક્ષા યોજાઈ

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રાજ્યપાલ પુરસ્કાર એવોર્ડ મેળવનાર સ્કાઉટ ગાઈડની પરીક્ષાનું આયોજન જમનાબાઈ નરસી સ્કૂલ, ગીફટસીટી ગાંધીનગરના સહકારથી યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાંથી સ્કાઉટગાઈડે ભાગ લીધો હતો. આયોજન જિલ્લા ચીફ કમિશનર રતિલાલ સી. જોષી, સ્કાઉટ કમિશ્નર યુવરાજસિંહ વાઘેલા, મંત્રી અંજનાબેન ચૌધરી તેમજ ગીફટસીટી સ્કૂલના પ્રિન્સીપાલ અને ગાઈડર શ્રીમતી એકતાસીંગે સફળ સંચાલન કર્યુ હતુ.



ગાંધીનગર જિલ્લા પંચાયતનુ મકાન ૩૩ વર્ષ કરતાં પણ વધુ જુનુ થઈ ગયુ છે ત્યાં જુદી જુદી શાખાઓનું રિનોવેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સરકાર સમક્ષ મોટા પ્લોટ અને નવા મકાનની માંગ અંગે કોઈજ સાનુકૂળ પ્રતિસાદ મળતો નથી. આજે વિકાસ શાખાના રિનોવેશનની કામગીરી સંપન્ન થતાં શાખા દ્વારા નવી કચેરીમાં પ્રવેશ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ તથા વિવિધ સમિતિના ચેરમેનો હાજર રહ્યા હતા અને પૂજન-અર્ચનમાં જોડાયા હતા.

## નર્સિંગ કોલેજે શિક્ષક દિનની ઉજવણી કરી

ગાંધીનગરના સેકટર-૧૨ ખાતેની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે તાજેતરમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક બનીને તેમનો અભ્યાસક્રમ ભણાવાયો હતો. આ પ્રસંગે એમએસસી નર્સિંગની વિદ્યાર્થીની લિસા ક્રિશ્ચિયને પ્રિન્સિપાલ તથા કૃપાલી વોરાએ વાઈસ પ્રિન્સિપાલની ભૂમિકા ભજવી હતી અને વિદ્યાર્થીઓએ મળીને એક દિવસ માટે સમગ્ર કોલેજનું સંચાલન કર્યુ હતું. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે તેમના અધ્યાપકોનું તુલસીનો છોડ આપી અભિવાદન કર્યું હતું.

## જિલ્લામાં ૧૨મી સપ્ટેમ્બર સુધી વરસાદ

ગાંધીનગર, તા. ૯

આગામી ૧૨મી સપ્ટેમ્બર સુધી જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ થશે તેવુ પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે બહાર પડાતા આ બુલેટીનના અંક નં. ૩૮ અને ૩૯માં આ જાણકારી આપવામાં આવી છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૧૦ થી ૧૪ સપ્ટેમ્બરના પાંચ દિવસોમાં આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

મહત્તમ તાપમાન ૩૨ થી ૩૩ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામા ભેજનું પ્રમાણ ૫૯ થી ૯૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની ગતિ સરેરાશ ૬ થી ૧૨ કિ.મી. રહે તેવી શકયતા છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## એનએસીસી પિલવાઈ કોલેજને એ-પ્લસ ગ્રેડ મળ્યો

ગાંધીનગર, તા. ૯

પિલવાઈના ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત અને સમગ્ર ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત યુ.પી. આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ એન્ડ વી.એલ. શાહ કોમર્સ કોલેજને એનએસીસી મૂલ્યાંકનની ત્રીજી સાયકલમાં ૩.૪૫ સીજીપીએ સાથે સમગ્ર ગુજરાતમાં એનએસીસીના નવા ફોર્મેટમાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. એનએસીસીના સાતેય વિભાગમાં ઉત્કૃષ્ઠ માર્ક સાથે એ ગ્રેડ મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવી સંસ્થાનો ડંકો વગાડ્યો હતો. કોલેજના સંચાલક મંડળના હોદ્દેદારો, અધ્યાપકો, સ્ટાફ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા પૂર્વ વિદ્યાર્થીઓ સહિત સમગ્ર કોલેજ પરિવારે એક ટીમવર્કથી સખત પરિશ્રમ કર્યો હતો તેવુ જણાવી કોલેજના આચાર્ય ડૉ. સંજય શાહ તથા એનસીસી કોઓર્ડીનેટર ડૉ. ચિરાગ આચાર્યે સમગ્ર કોલેજ પરિવારની મહેનતને બિરદાવતા સૌને અભિનંદન આપ્યા હતા. આચાર્ય ડૉ. સંજય શાહે સંસ્થાને ગૌરવ અપાવતા આ પ્રસંગે સૌ સ્ટાફમિત્રોને આગામી વર્ષોમાં સંસ્થાની પ્રગતિને વધુ પ્રવેગિત કરવા આહવાન કર્યુ હતુ. આ સમાચાર મળતા સમગ્ર ઉત્તર ગુજરાતના શિક્ષણજગતમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ